# કલાની સાધનાની સફળતા

– યશવંત કડીકર

મોગલ સમયમાં બાદશાહ અકબરના શાસનકાળની વાત છે. બાદશાહ અકબરે એમના દરબારમાં સાહિત્ય, સંગીત અને કલાના ઉચ્ચ કક્ષાના સાધકો અને વિદ્વાનોને પૂરાં માન–સન્માન સાથે સ્થાન આપ્યું હતું. એમાં તાનસેન નામના જાણીતા સંગીતકાર પણ હતા. એક દિવસ ફરતી ફરતી સાધુઓની એક ટુકડી આગ્રામાં આવી. તેઓ કિલ્લાની સામે એક ઝાડ નીચે બેસીને ભજન કરવા લાગ્યા. ત્યાં જ એક ચોકીદાર દોડતો આવ્યો અને બોલ્યો, ''ગાવાનું બંધ કરો અને રાજદરબારમાં ચાલો. ત્યાં આવીને ગાજો. જો તમે તાનસેન કરતાં વધુ સારું ગાશો તો તમે માગશો એ ઈનામ મળશે, નહીં તો મોતની સજા મળશે.''

હવે આ સાધુઓ શું કરે ? એમને દરબારમાં જવું પડયું. એમને ગાવું પડયું. એમાં ભજનનો રસ તો હતો જ, પણ સંગીતનું જ્ઞાન ન હતું. આ લોકો સાધુ હોવાના કારણે મોતની સજા તો ના આપવામાં આવી, પરંતુ રાજ્યની હદ બહાર ચાલ્યા જવાનો હુકમ સંભળાવવામાં આવ્યો.

આ સાધુઓની ટુકડીમાં હતો એક કિશોર. એને આ બધું ના ગમ્યું. એણે સંગીતની સાધના કરવાનું નક્કી કર્યું. તે ગુરુની શોધમાં ફરવા લાગ્યો. છેવટે એને વૃંદાવનમાં એક સાચા ગુરુ મળી ગયા . એમનું નામ હતું હરિદાસ.

સંગીતસાધના શરૂ થઈ. તે રાતદિવસ સંગીતનો અભ્યાસ કરવા લાગ્યો. સંગીતના અભ્યાસથી એના મનનો દોષ ધોવાઈ ગયો. એની સંગીતની સાધના પૂરી થઈ. ગુરુજી પણ એના ઉપર ખુશ હતા.



તેઓ એમના આ શિષ્ય બૈજનાથને 'બૈજુ બાવરા' કહીને બોલાવવા લાગ્યા. પેલા દિવસે સાધુઓની ટુકડીનું કરવામાં આવેલું અપમાન જોઈ તાનસેનને પણ દુઃખ થયું હતું. પેલા કિશોર સાધુનો ગુસ્સાવાળો ચહેરો તો તે ભૂલી શકતો ન હતો. એમને પણ પોતાના બાળપણની વાતો યાદ આવવા લાગી.

બાળપણમાં એમનું નામ હતું તન્ના મિશ્ર. તે બધી બોલીઓની અસલ નકલ કરી શકતો હતો. એક દિવસ હરિદાસ ખેતરની પાસે થઈને જઈ રહ્યા હતા. ત્યાં સિંહના અવાજે બધાને ડરાવી દીધા. પછી ખબર પડી કે આ તો તન્ના મિશ્રનું કામ છે. હરિદાસે તન્ના મિશ્રના પિતા પાસેથી તન્નાને સંગીત શિખવાડવા માટે માંગી લીધો. તાનસેન ખૂબ સારું સંગીત શીખ્યો. સંગીત શીખ્યા પછી તાનસેનને રીવા નરેશ તથા ગ્વાલિયરના રાજાએ એમની પાસે રાખ્યા. પછી અકબર બાદશાહે એમને પોતાના દરબારમાં બોલાવી લીધા. ત્યાં એમને માન–સન્માન સાથે બાદશાહના દરબારમાં જ નવ રત્નોમાં સ્થાન આપવામાં આવ્યું.

એમનો વિદ્યાભ્યાસ પૂરો થતાં બૈજુ ફરતા ફરતા આગ્રા પહોંચી ગયા. એમને બે વર્ષ પહેલાંનો પેલો પ્રસંગ યાદ આવ્યો. તે ત્યાં જઈને તાનપૂરો વગાડવા લાગ્યા. પછી ત્યાં પણ પહેલાંની જેમ જ બન્યું. એમને દરબારમાં બોલાવવામાં આવ્યા. સંગીત માટે એમને પડકાર ફેંકવામાં આવ્યો. એમણે પડકાર ઝીલી લીધો. બંને સંગીતકારો બૈજુ અને તાનસેન સામસામે બેસી ગયા. તાનસેને સંગીત શરૂ કરતાં પહેલાં એક વાસણમાં એક પથ્થરનો ટુકડો મૂકી દીધો.

તાનસેને સૂર મેળવ્યા અને આલાપ શરૂ કર્યા. સંગીતસમ્રાટની સ્વર લહેરીથી બૈજુનો આત્મા આનંદસાગરમાં રાચવા લાગ્યો. એણે પોતાની આંખો બંધ કરી દીધી. તે તાનસેનની સ્વરલહેરીઓનો આનંદ માણવા લાગ્યા. સંગીત પૂરું થયું. આખો દરબાર તાલીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો. બૈજુની સમાધિ છૂટી. એણે જોયું તો વાસણમાંથી પથ્થર મીણની જેમ પીગળી ગયો છે. તાનસેને એક જોડી મંજીરા એ પીગળેલા પથ્થર પર મૂકી દીધા. સંગીતના ધ્વનિ શાંત પડયા તો પથ્થર જામી ગયો. મંજીરા પણ જામી ગયા.

તાનસેને અકબરની તરફ જોયું અને કહ્યું, ''જહાંપનાહ, જો બૈજુમાં તાકાત હોય તો પથ્થરમાંથી મંજીરા કાઢી આપે.''

દરબારીઓએ હર્ષનાદ કર્યો. બૈજુએ કહ્યું, ''મને મંજૂર છે. પણ એ પહેલાં મને પણ એક તક આપવામાં આવે.''

''મંજૂર છે, પરંતુ શરતનું ધ્યાન રાખવામાં આવે.'' અકબરે કહ્યું.

''મારું બરાબર ધ્યાન છે.'' આમ કહી બૈજુએ પોતાનો તાનપૂરો સંભાળ્યો અને આલાપ શરૂ કર્યો. બૈજુ એકધ્યાનથી ગાવા લાગ્યા. દરબારીઓ પણ મંત્રમુગ્ધ બની ગયા. અકબર બાદશાહ પણ ખુશ થઈ ગયા. તાનસેન રાગદ્વેષ ભૂલીને સંપૂર્ણ રીતે સંગીતની લહેરોમાં ડૂબી ગયા. આખું વાતાવરણ સંગીતમય બની ગયું. બધા જાણે ધ્યાનમગ્ન બની ગયા. સંગીત પૂરું થયું. બધાએ આંખો ખોલી. એક વિચિત્ર દશ્ય સામે હતું. સામે હરણ ઊભાં હતાં. એમના ગળામાં માળાઓ હતી. સંગીત પૂરું થતાં, હરણ પણ ચાલ્યાં ગયાં.

અકબર, તાનસેન અને બધા દરબારીઓ ‘‘વાહ વાહ’’ કરી ઊઠ્યા. બૈજુ ખૂબ જ સન્માનપર્વક ઊભા થયા, બોલ્યા, ‘‘જહાંપનાહ, મિયાં તાનસેન આ હરણોના ગળામાંથી માળા કાઢી આપે, તો હું પણ મંજીરા કાઢી આપું.’’

તાનસેને આ સાંભળ્યું તો માથું ઝુકાવી દીધું. દરબારમાં એકદમ શાંતિ પ્રસરી ગઈ. અકબર બાદશાહ પણ તાનસેનની સ્થિતિ જાણી ગયા. આવી પરિસ્થિતિ જોઈને બૈજુએ કહ્યું, ‘‘જહાંપનાહ, કલા સાધનાની દાસી છે. કલા કોઈની દાસી નથી. આપના દરબારમાં સંગીતનું અપમાન થાય છે. મેં તો એને ખતમ કર્યું છે.’’

તાનસેન બૈજુની સામે ઝૂકી ગયા. બૈજુએ કહ્યું, ‘‘મિયાં તાનસેન, આપ આ શું કરો છો ? આપણે તો એક જ ગુરુના શિષ્ય છીએ. આપ મોટા અને હું નાનો.’’

બન્ને એકબીજાને ભેટી પડયા. આંખોમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. કલાની સાધના સફળ થઈ.

■